# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રાજ્યમાં ગણેશ વિસર્જન , સમયસર વિસર્જન માટે નિકળી સહકાર આપવા પોલીસની લોકોને અપીલ.**
2. **તાપીના ઉકાઇ ડેમના 12 દરવાજા ખોલાતા 27 ગામોને એલર્ટ કરાયા , પાણીની આવક ઘટતાં નર્મદા બંધના આઠ દરવાજા બંધ કરાશે.**
3. **રાજ્યના 198 તાલુકાઓમાં વરસાદ , આજે ઉત્તર ગુજરાતમાં રેડ એલર્ટ જાહેર.**
4. **અંબાજી ખાતે અત્યાર સુધીમાં 30 લાખ જેટલા ભક્તોએ માતાના ચરણોમાં શિશ ઝુકાવ્યું, સફાઇકર્મીઓ ઉપર પુષ્પ વર્ષા કરાઇ.**
5. **વડનગરમાં રમાઇ રહેલી સબ જુનિયર ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટમાં આજે મહેસાણા અને બનાસકાંઠા, દેવભૂમિ દ્વારકા અને છોટાઉદેપુર વચ્ચે મેચ.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GANESH VISARJAN

આજે અનંત ચતુરદશી છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આજે ગણેશ વિસર્જન કરાશે. રાજયભરમાં ભક્તો આજે અબીલ ગુલાલની છોળો અને ડીજેના તાલે દુંદાળા દેવને વિદાય આપશે.

અમદાવાદમા ગણેશ વિસર્જન માટે 40 જગ્યાએ 49 કુંડ બનાવવામાં આવ્યા છે. આ કુંડ પર 50 ક્રેન, 50 જેસીબી, 50 ટ્રક મુકાયા છે આ સાથે ફૂલ માળા, શણગાર તથા પૂજાપાની સામગ્રી માટે અલગ ડબ્બા મૂકવામાં આવ્યા છે. 190 સફાઈ કર્મી તથા 250 ફાયર બ્રિગેડના જવાનો તૈનાત કરાયા છે. amc દ્વારા શહેરમાં 6 સ્થળે સ્ટેજ બનાવાયા છે જ્યાં ભક્તિગીતો સાથે ગણપતિ દાદા પર પુષ્પવર્ષા કરી અભિવાદન કરવામાં આવશે.

ગણેશ વિસર્જન દરમ્યાન ટ્રાફિક અવર-જવર માટે પ્રતિબંધિત-ડાયવર્ઝન અંગેનું અમદાવાદ શહેર પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યુ છે. ગણેશ વિસર્જન નિમિત્તે ગીતા મંદિર, રાયપુર, વાડજ સ્મશાન ગૃહ સહિત શહેરના અમૂક વિસ્તારોમાં તમામ પ્રકારના વાહનો માટે બપોરે 1 વાગ્યાથી જ્યાં સુધી ગણેશ વિસર્જન પુર્ણ ન થાય ત્યાં સુધી પ્રતિબંધ મુકી વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અને પ્રતિબંધિત કરેલ રસ્તાઓને ‘નો-પાર્કિંગ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

સુરત ખાતે પણ વિસર્જન માટે વહીવટી તંત્ર દ્વારા વ્યાપક તૈયારીઓ કરાઇ છે. સુરત પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલોતે નગરજનોને જરૂરી તકેદારી રાખવા તથા સમયસ વિસર્જન માટે સમયસર નિકળવા કરવા વિનંતી કરી છે

## સુરત પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલોતે

---

# STATE RAIN

રાજ્યના અનેક વિસ્તારોમાં ગઇકાલે મોડી સાંજથી રાત સુધી ધોધમાર વરસાદ વરસવાના અહેવાલ છે.

ગાંધીનગર ખાતેથી જાહેર થયેલા અહેવાલ અનુસાર ગઇકાલે સવારના છ વાગ્યાથી પૂરા થતા 24 કલાક દરમિયાન રાજ્યના 198 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. જેમાં તાપીના ડોલવણમાં સાડા છ ઇંચ કરતાં વધુ જ્યારે સુરતના બારડોલીમાં પાંચ ઇંચ કરતાં વધુ સાંબેલાધાર વરસાદ વરસ્યો હતો..

અરવલ્લીમાં મોડી સાંજે ધનસુરા તાલુકામાં એક કલાકમાં ૪ ઇંચથી વધુ વરસાદ થતાં બજારમાં ઢીંચણ સમા પાણી ભરાયા હતા.. માલપુર ચોકડી વિસ્તારના કાચા મકાનોમાં પાણી ઘૂસ્યા ગયા હતા. મોડાસા-નડિયાદ સ્ટેટ હાઇવે પર પાણી ફરી વળ્યા હતા..

ગાંધીનગરના અમારા પ્રતિનિધિના જણાવ્યાં અનુસાર ગાંધીનગરના દહેગામ તાલુકામાં વીજળીના કડાકા અને ભડાકા સાથે બે કલાકમાં ત્રણ ઇંચ વરસાદ જેટલો મુશળધાર વરસાદ વરસતાં અનેક વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા.

સુરત જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના કારણે ઉકાઈ ડેમ ભયજનક સપાટીએ પહોંચી ડેમના 12 દરવાજા સાત ફુટ ખોલી તાપી નદીમાં પાણી છોડવામાં આવ્યું હતું. તાપી નદીના કાંઠા વિસ્તારના 27 જેટલા ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા.

સરદાર સરોવર બંધમાંથી વહેલી સવાર સુધીમાં ત્રણ લાખ 81 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.. અમારા ભરૂચના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર

મળસ્કે સાડા ચાર વાગ્યા સુધીમાં ગોલ્ડન બ્રિજ નીચે  જળસપાટી 28.27 ફૂટે સ્થિર થઇ છે..

જ્યારે સરદાર સરોવરમાંથી વિપુલ પ્રમાણમાં પાણી નર્મદા નદીમાં છોડવામાં આવતા નર્મદા નદીના કાંઠા વિસ્તારના લોકોને એલર્ટ કરાયાં છે.. ભરૂચ જીલ્લાના અંકલેશ્વર તાલુકાના 14 ગામોના લોકોને સાવધ કરાયા છે. જ્યારે અંકલેશ્વરના નર્મદા કાંઠાના વિસ્તારના ખેડૂતોને પાકની ચિંતા સતાવી રહી છે.  ત્યારે વડોદરા અને અંકલેશ્વરની શાળામાં રજા જાહેર કરાઇ છે.

મળતા અહેવાલો  અનુસાર નર્મદા બંધમાં ઉપરવાસમાંથી પાણીની  આવક ઘટતાં હવે આજે રાત્રે 23માંથી આઠ દરવાજા બંધ કરવામાં આવશે.

ડાંગ  જિલ્લામાં ગઇકાલે  સાર્વત્રિક વરસાદ નોધાયો  છે. સતત વરસાદને કારણે જિલ્લાના નાના મોટા જળધોધ  સહિત  ગિરા,ખાપરીઅંબિકા અને  પૂર્ણા નદીના જળસ્તરમાં વધારો થયો છે .

ઉપરવાસમાં ભારે વરસાદના કારણે પાનમ અને કડાણા ડેમમાંથી મહિ નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે, જેના કારણે આણંદ જિલ્લાના નદી કાંઠાના 26 ગામોને સાવચેત કરાયા છે.

નવસારી જિલ્લામાં પણ સાર્વત્રિક વરસાદના અહેવાલ છે. ખેરગામમાં આજે વહેલી સવારે ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

---

## WEATHER

આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર શ્રી એ.કે. દાસે જણાવ્યું કે

બંદરો ઉપર ત્રણ નંબરનુ સિગ્નલ જાહેર કરવામાં આવ્યું છે. માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

જ્યારે આજે બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી અને સુરેન્દ્રનગરમાં અત્યંત ભારે વરસાદની આગાહીને કારણે રેડ એલર્ટ જાહેર કરાયું છે.

પાટણ, મોરબી, રાજકોટ, બોટાદ, ગાંધીનગર, ખેડા અને મહીસાગરમાં ભારે વરસાદની સંભાવનાના પગલે ઓરેન્જ અને અમદાવાદ સહિત અન્ય જિલ્લાઓમાં હળવા વરસાદની શક્યતા હોવાને કારણે હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે.

## બાઇટ- ડૉ.એ.કે.દાસ , વડા, હવામાન વિભાગ

---

## KISAN SANGH ON GST

GST સુધારાઓ અંગે, ભારતીય કિસાન સંઘના ગુજરાતના મહાસચિવ રમેશ પટેલ કહે છે, કેન્દ્ર સરકારે GST કાઉન્સિલની બેઠકમાં, ખેડૂતો દ્વારા ઉપયોગમાં લેવાતી વસ્તુઓ સહિત કેટલીક વસ્તુઓ પર GST ઘટાડવાનો નિર્ણય લીધો. આ એક સ્વાગતપાત્ર પગલું છે.

## બાઇટ- રમેશ પટેલ

---

## AMBAJI MELO

ભાદરવી પૂનમના મહામેળામાં લાખો શ્રદ્ધાળુઓ અંબાજીના દર્શન કરી રહ્યા છે, ગઇકાલે મેળાના પાચમાં દિવસે 30 લાખથી વધુ ભક્તોએ માંના દર્શન કર્યા હતા.

**અંબાજીમાં સૌ પ્રથમવાર 400 ડ્રોન થકી ભવ્ય ડ્રોન લાઇટ શો યોજાયો. જેમાં અંબાજી માતાજીની આકૃતિ, ત્રિશૂળ અને શક્તિના પ્રતીકો જેવી અદ્ભુત રચનાઓ બની હતી. ડ્રોનના દૃશ્યોએ શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.મેળા દરમિયાન સફાઈની જવાબદારી નિભાવવા ખડે પગે રહેલા સફાઈકર્મીઓનું સન્માન કરાયું હતું**

**આ અંગે વધુ માહિતી આપે છે જિલ્લા કલેક્ટર મિહિર પટેલ ...**

**(બાઈટ – જિલ્લા કલેક્ટર, મિહિર પટેલ)**

---

# Ambaji mandir –darshan

અંબાજી મંદિર ભાદરવી પૂનમ ને રવિવારને દિવસે ચંદ્રગ્રહણ હોવાથી સાંજે ૫ વાગ્યા બાદ સંપૂર્ણ બંધ રહેશે.

જિલ્લા કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું કે , આગામી 7મી તારીખે બપોરે ૧૨:૩૦ કલાક સુધી માઇભકતો મંદિરમાં દર્શન કરી શકશે. તેમજ ધજા ચડાવી શકશે.. ત્યારબાદ સાંજે ૫ વાગ્યા સુધી માઇભકતો જાળીમાંથી દર્શન કરી શકશે. સાંજે ૫ વાગ્યા પછી મંદિર સંપૂર્ણ પણે બંધ રહેશે

ચંદ્ર ગ્રહણ દિવસે મંગળા આરતી સવારે ૦૬:૦૦ થી ૦૬:૩૦વાગ્યે થશે.

---

## AHMEDABAD AIR PORT GOLD SEIZED

**અમદાવાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ વિભાગે દુબઈથી આવેલા એક મુસાફર પાસેથી લગભગ 55 લાખ રૂપિયાની કિંમતનું સોનું જપ્ત કર્યું હતું.. આ મુસાફર મુસાફર કસ્ટમ ડ્યુટી ભર્યા વગર 506 ગ્રામ સોનાની એક જાડી ચેઇન ગળામાં પહેરીને**

લાવ્યો હતો. કસ્ટમ વિભાગના અધિકારીઓએ મુસાફરની પૂછપરછ કરીને તેની પાસેથઈ સોનાની ચેઇન જપ્ત કરીને કસ્ટમના નિયમો હેઠળ ફરિયાદ નોંધી હતી.

---

## FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબાલ એસોશિયેસન દ્વારા આયોજિત સબ જુનિયર ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં આજે મહેસાણા અને બનાસકાંઠા વચ્ચે, દેવભૂમિ દ્વારીકા અને અને છોટાઉદેપુર વચ્ચે મેચ રમાશે. જ્યારે ગઇકાલે રમાયેલ મેચમાં કચ્છની ટીમે મહેસાણાની ટીમને 11-0 થી અને વડોદરાની ટીમે દેવભૂમિ દ્વારીકાને 16-0થી પરાજય આપ્યો હતો.

---

## NATIONAL READ A BOOK DAY

આજે રાષ્ટ્રીય પુસ્તક વાંચો દિવસ છે. ત્યારે રાજ્ય સરકાર રાજ્યભરમાં સરકારી પુસ્તકાલયોની સંખ્યા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સાંભળીએ એક અહેવાલ..

## (વોઇસ કાસ્ટ : ચૈતાલી જોશી)

નાગરિકોને વાંચન માટે પ્રેરિત કરવા રાજ્યભરમાં 197 સરકારી પુસ્તકાલયો કાર્યરત છે. રાજયમાં નવા 71 સરકારી પુસ્તકાલયોના નિર્માણને મંજૂરી આપી દેવામાં આવી છે. રાજ્યના મધ્યસ્થ પુસ્તકાલયો ખાતે પ્રતિદિન 500 થી વધુ વાચકો જ્યારે જિલ્લા પુસ્તકાલયો ખાતે પ્રતિદિન 150 થી વધુ વાચકો વાંચન કરે છે. રાજ્યના 7

**આદિજાતિ જિલ્લાઓના 14 તાલુકાઓમાં પણ પુસ્તકાલયો શરૂ કરવામાં આવ્યા છે, જેના થકી આદિજાતિ સમુદાયને પણ વાંચન સેવાનો લાભ મળી રહ્યો છે.**

**ચૈતાલી જોશી આકાશવાણી સમાચાર અમદાવાદ**

---